# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : અશરફ નથવાણી

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૦૫-૦૯-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર :

દેશમાં આજે શિક્ષક દિવસની ઉજવણી કરાઈ રહી છે. દેશના પહેલાં રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ નિમિત્તે શિક્ષક દિવસ ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીમાં ગુજરાતના 2 સહિત 82 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કર્યા.કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે,રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારનો ઉદ્દેશ્ય દેશના શ્રેષ્ઠ શિક્ષકોના અનન્ય યોગદાનની ઉજવણી કરવાનો અને એવા શિક્ષકોને સન્માનિત કરવાનો છે જેમણે માત્ર શાળા શિક્ષણની ગુણવત્તામાં સુધારો કર્યો નથી પરંતુ તેમના વિદ્યાર્થીઓના જીવનને પણ સમૃદ્ધ બનાવ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શિક્ષક દિવસની દેશભરના શિક્ષકોને શુભેચ્છા પાઠવી છે.સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ આજનો દિવસ યુવાનોને માર્ગદર્શન આપતા શિક્ષકોનો આભાર વ્યક્ત કરવાનો દિવસ હોવાનું કહ્યું છે.તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

**RNU અમદાવાદ/અશરફ નથવાણી**

-------------------------------------------------------------------------------------------

## રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને પુરસ્કાર :

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે આજે રાષ્ટ્રીય શિક્ષક દિવસ નિમિત્તે રાજ્યના 28 જેટલા શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષક તરીકેના પુરસ્કાર એનાયત કરાયા હતા.મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે આ પારિતોષિક એનાયત કરાયા હતા.દરમિયાન શિક્ષણ અને સમાજનું જીવનધોરણ સુધારવા માટે વિશિષ્ટ કામગીરી કરનારા શિક્ષકોનું પણ સન્માન કરાયું હતું.

સન્માન પ્રાપ્ત કરનારા દરેક શિક્ષકને રાજ્યપાલના હસ્તે 51 હજાર રૂપિયાનો પુરસ્કાર તેમ જ પ્રશસ્તિપત્ર એનાયત કરાયા હતા.

જેમાં કચ્છના પ્રાથમીક વિભાગમાં ગાયત્રીનગર પ્રાથમિક શાળાના HTAT આચાર્ય લાખાભાઈ રબારી,માધ્યમિક વિભાગમાં માધાપરની MSV માધ્યમિક શાળાના શિક્ષક દિનેશકુમાર ડાકી,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં માંડવીની ખીમજી રામદાસ કન્યા શાળાના આચાર્ય હંસાબેન પંડ્યાને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરાયા.

આ અવસરે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ યોજના તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજનાના 10 લાભાર્થી વિદ્યાર્થીઓનું પણ તેમના ઉત્કૃષ્ટ દેખાવ માટે પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું.

**RNU અમદાવાદ/અશરફ નથવાણી**

------------------------------------------------------------------------------------------

## જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ :

આજે શિક્ષક દિન અંતર્ગત રાજ્યના વિવિધ જીલ્લાઓમાં શ્રેષ્ઠ શિક્ષકને પારિતોષિકિ એનાયત કરવામાં આવ્યા.કચ્છમાં ભચાઉની બંધડી પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક રાઠોડ અનિલકુમાર કોદરભાઈ,ભુજની વી.ડી હાઇસ્કુલના માધ્યમિક શિક્ષક ગોહિલ પ્રતાપભાઈ બચુભાઈ,અબડાસાની એસ.એસ.હાઇસ્કુલ મોથાડાના

માધ્યમિક શિક્ષક શ્રી વાસ્તવ સંજય શરણ રાજનારાયણ અને ભુજ તાલુકાની કોટડા ઉગમણા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક ગોર ચેતનાબેન વિજયભાઈને જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.જયારે તાલુકા કક્ષાએ ૧૯ શ્રેષ્ઠ શિક્ષકોને પણ સન્માનિત કરવામાં આવ્યા.

**અશરફ નથવાણી**

---

## વરસાદ :

આજે સવારે છ વાગ્યાથી બપોરનાં 12 વાગ્યા સુધી 83 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો છે.

હવામાન વિભાગે આજે અને આવતીકાલે કચ્છ સહીતના જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપી છે.

માછીમારોને આઠ સપ્ટેમ્બર સુધી દરિયો નહીં ખેડવાની સૂચના આપવામાં આવી છે.રાજ્યમાં મોસમનો સરેરાશ 119 ટકા વરસાદ પડી ચૂક્યો છે. સૌથી વધુ 183 ટકા વરસાદ કચ્છ ઝોનમાં પડ્યો છે.રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં કુલ 87 ટકા જળસંગ્રહ થયો છે. રાજ્યનાં કુલ 206 જળાશયોમાંથી 116 જળાશય 100 ટકા, 44 જળાશય 70થી 100 ટકા અને 17 જળાશય 50થી 70 ટકા વચ્ચે ભરાયા છે.142 જળાશય હાઇ એલર્ટ પર, 10 જળાશય એલર્ટ પર મુકાયા છે.

**અશરફ નથવાણી**

---

## પશુધન ગણતરી :

કચ્છ સહીત દેશભરમાં 21 મી પશુધન ગણતરી કરવામાં આવી રહી છે.ત્યારે વગડામાં વિચરતા માલધારીઓના પશુઓનો પણ સૌપ્રથમ વખત આ ગણતરીમાં સમાવેશ કરાયો છે.

કચ્છના માલધારીઓ પોતાના પશુઓ સાથે ગુજરાતના વિવિધ જિલ્લા તેમજ દેશના વિવિધ રાજ્યોમાં વિચરતા હોય છે, જેથી દર પાંચ વર્ષે થતી પશુધનની ગણતરીમાંથી આવા પશુઓ બાકાત રહી જતા હતા, જે મુદ્દે કચ્છની સહજીવન, લાઇફ નેટવર્ક, મારગ સહિતની સંસ્થાઓ દ્વારા વિચરતા માલધારીઓના પશુઓની ગણતરી માટે અનેક રજૂઆતો કરાઇ હતી.કચ્છમાં 50 હજાર જેટલા માલધારી પરિવારો છે, જેમાંથી 7 હજાર જેટલા રબારી માલધારી પરિવારો ગુજરાતના વિવિધ જિલ્લા તેમજ મહારાષ્ટ્ર, છત્તીસગઢ, તેલંગણા, આંધ્રપ્રદેશ સહિતના રાજ્યોમાં પશુઓ સાથે વિચરતા હોય છે.આ વખતે 21મી પશુધન ગણતરીમાં આ વિચરતા માલધારીઓના પશુઓની ગણતરી થઇ રહી છે.આ ગણતરીમાં ગુજરાત સહિત 22 રાજ્યોમાં કચ્છની સહજીવન સંસ્થા પણ મદદરૂપ બની રહી છે.

**NP- અશરફ નથવાણી**

---

## પોષણ અભિયાન :

દેશભરની સાથે કચ્છ જીલ્લામાં પણ પોષણ અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર માસને પોષણમાહ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત અલગ – અલગ ૬ થીમ આધારિત પ્રવૃતિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ માટે ICDS દ્વારા આરોગ્ય, શિક્ષણ, અન્ન અને નાગરિક પુરવઠા, કૃષિ, વાસ્મો, પંચાયત, આયુર્વેદ વગેરે જેવા વિભાગો સાથે સંકલન કરીને ફિલ્ડ કક્ષાએ જનજાગૃતિના દૈનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

જેના ભાગરૂપે કચ્છના તમામ આંગણવાડી કેન્દ્રોમાં એનિમિયા અંગે જનજાગૃતિની પ્રવૃત્તિઓ, ગ્રામ્ય આરોગ્ય સ્વચ્છતા અને પોષણ દિવસો, વગેરે થીમ મુજબ કામગીરી હાથ ધરવામાં આવી હતી.